અપીલ અરજી નં.૧૦૬ તા.૭–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બળવંત એચ. વરીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બળવંત એચ. વરીયાની તા.૬–૫–૧૧ ની અરજીથી કતારગામની શાંતાબા વિદ્યાભવનના બાંધકામ બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૭–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૬/૨૦૧૧–૧૨

શ્રી બળવંત એચ. વરીયાની તા.૬–૫–૧૧ ની અરજીથી કતારગામની શાંતાબા વિદ્યાભવનના બાંધકામ બાબતે ડે.કમિશનર (૫ અને ઈ) અને જાહેર માહિતિ અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ/આઉટ/૧૦૯૬ તા.૨૧–૫–૧૧ થી આપેલ માહિતિના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર ન.આરટીઆઈ સેલ/૩૨૩ તા.૧૦–૬–૧૧ થી ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને આરટીઆઈ સેલ વિભાગમાં આપેલ અપીલ અરજી આપવા આવેલ તે સમયે મુળ અરજીની વિગત, ફી ની વિગત સામેલ કરવા જણાવેલ છતાં સામેલ કરેલ ન હોઈ તે રજુ કરવા તથા કઈ વિગતે નારાજગી છે તે પણ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૫૮૮ તા.૧૫–૬–૧૧ થી મ.જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૯૩ તા.૯–૫–૧૧ થી જીલ્લ શિક્ષણાધિકારીશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી કતારગામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૦૯૬ તા.૨૧–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૬–૧૧ ના રોજ પૂરક વિગતમાં જાહેર માહિતી અધિકારી જિલ્લાશિક્ષણાધિકારીના પત્ર નં.મા–૮/મા.આ.અ./આઈ.ડી નં.૩૪/૨૦૧૧ ૨૪૨૪૯ તા.૩૦–૫–૧૧ ના થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, ફી ભર્યાની રસીદની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૬–૫–૧૧ ની અરજીથી કતારગામની અવધુત સોસા. ખાતે આવેલ શાંતાબા વિદ્યા સંકુલમાં ઉચ્ચતર અને માધ્યમિકના મંજુરી સમયે મુકેલ પ્લાન તેમજ રજાચિઠ્ઠીની નકલ તેમજ તે અંગે ડે.કમિ.શ્રીના અભિપ્રાયની નકલ તેમજ તે બાબતે કરેલ કાર્યવાહીની વિગત . આ વિદ્યા સંકુલ ખાતે છેલ્લા ૬ માસમાં નિરીક્ષક ધ્વારા કેટલી વખત વીઝીટમાં ગયેલા તેની વિગત તેમજ વીઝીટ સમયે શાંતાબાની વીઝીટબુકમાં કરેલ નોંધની કોપી અગર વીઝીટ ન ગયા હોય તો ન જવાનું કારણ આપો તેમજ ચાલુ શૈક્ષણિક વર્ષમાં કયા કયા અને કઈ કઈ સ્કુલમાં ખોટા પ્લાન મુકેલ છે તેની સામે શું પગલા લીધા છે તેની વિગતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૯૩ તા.૯–૫–૧૧ થી જીલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી કતારગામઝોનને તબદીલ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/ આ.નં. ૧૦૯૬ તા.૨૧–૫–૧૧ થી " કતારગામની અવધુત સોસા. ખાતે આવેલ શાંતાબા વિદ્યા સંકુલના પ્લાન તેમજ રજાચિઠ્ઠી અંગે નોર્થઝોનની ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માહિતી ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં અપીલનું કારણ રૂબરૂ સુનાવણી સમયે બતાવવામાં આવશે તેવું જણાવેલ. જેના અનુસંધાને અરજદારને નારાજગીનું કારણ દર્શાવવા પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં જેના અનુસંધાને અરજદાર તરફથી તેના કોઈ આધાર કે નારાજગીનું કારણ દર્શાવેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારની અરજીના ઉત્તરાર્ધ ભાગની માહિતી " ચાલુ શૈક્ષણિક વર્ષમાં કયારે કયારે કઈ સ્કુલમાં ખોટા પ્લાન મુકેલ છે અને તેની સામે શું પગલા લીધા " તેવી માહિતી માંગણી સંદિગ્ધ અને વ્યાપક સ્વરૂપની છે જેમાં મિલ્કતના ચોકકસ સ્થળ સ્થિતિનું વર્ણન કે ઓળખ વિના માંગેલ છે તેમ છતાં અપીલ તબકકે તક આપવા છતાં અરજદાર તેમનો પક્ષ રજૂ કરવામાં સફળ રહેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ વિગતે પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી ( કતારગામઝોન)....જાણ તથા અમલ માટે
(૨)શ્રી બળવંત એચ. વરીયા,